

(તસવીર : હરેશ જોષી)

અમીરગઢ પાસેથી સ્પે. ઓપરેશન ગ્રુપે વિસ્ફોટક સામગ્રી સાથે પરપ્રાંતિય શખ્સને ટ્રેક્ટર સાથે ઝડપી લીધો હતો. એસ.પી. અશોક યાદવની સૂચનાથી જિલ્લામાં ગુનાખોરીને ડામવાના આદેશને લીધે છેવાડાના અમીરગઢ વિસ્તારમાંથી સ્પે. ઓપરેશન ગ્રુપે આ પર પ્રાંતિય શખ્સને ટ્રેક્ટર સાથે લઈ જતા તલાશી લેતા વિસ્ફોટક સામગ્રી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

## વરસાદ પાછો ખેંચાતા લીલાં શાકભાજી મોંઘાં : ગૃહીણીના રસોડાનું બજેટ ખોરવાયું

ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં વરસાદ પાછો ખેંચાતા હાલ સુકા અને લીલા શાકભાજીના ભાવોમાં અચાનક જ ભડકો થયો છે. અને ૧૦ થી ૧૫ રૂપિયામાં કિલો મળતા શાકભાજી ૩૫ થી ૪૦ સુધી પહોંચી ગયા છે અને મોંઘવારીની માર જીલતી આમ જનતા પર વધુ એક વાર મોંઘવારીની માર પડી છે. ઉત્તર ગુજરાત સહિત મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ ન પડતા ખેડૂતો હાલ ચિંતાતુર બન્યા છે. બીજી બાજુ તૈયાર થતો પાક પાણીના અભાવે સુકાઈ રહ્યો છે. અને જે થોડો ઘણો પાક વધે છે તે બજારમાં ઊંચી કિંમત વેચાય છે. ત્યારે હાલ વરસાદ પાછો ખેંચાતા લીલા શાકભાજી રીંગણા, તુવેર, કારેલા, બીંડા, ટામેટા, ભૂટ્ટા, ગવાર, દૂધી, કોથમીર, કોબીચની કિંમતમાં હાલ ઉછાળો આવતા ૧૦ થી ૧૫ રૂપિયા કિલો મળતી શાકભાજી ૩૫ થી ૪૦ રૂપિયા થવા પામી છે. જેથી મધ્યમ અને ગરીબ વર્ગ પર વધુ એકવાર મોંઘવારીની માર પડી છે અને ગૃહીણીના બજેટ ખોરવાઈ ગયા છે. હવે દરરોજ શુ ખાવુ તેની ચિંતા પણ કોરી ખાય છે. ત્યારે ખેડૂતો મેઘરાજાની અને પ્રજા મોંઘવારી ઓછી થવાની આતુરતાથી રાહ જોઈ રહી છે.



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)

સમગ્ર જિલ્લામાં વરસાદ ન આવતા ખેડબ્રહ્મા શહેરના સિવિલ રોડના વેપારીઓએ વરસાદને રીઝવવા સિવિલ રોડ ખાતે પર્જન્ય યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં સિવિલ રોડના તમામ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ યજ્ઞમાં ગાયત્રી પરિવારની બહેનો ઉપસ્થિત રહી હતી. યજ્ઞની પૂજાવિધિ દિનેશભાઈ વ્યાસ દ્વારા કરાવવામાં આવી હતી.

# માલગઢની સીમમાં દીપડાએ દેખા દેતાં ભયનો માહોલ

ડીસા, તા.૫

ડીસા બનાસનદીના તટે આવેલ ગામડાઓમાં અવાર નવાર હિંસક પ્રાણીઓ જોવા મળે છે. ગત વર્ષે પણ માલગઢના એક ખેડૂતના મકાનમાં ઘૂસી ગયેલા દીપડાએ જંગલ વિભાગ અને પોલીસ તંત્રએ પકડવા માટે જંગલ વિભાગ અને પોલીસ તંત્રની ટીમ કામે લાગી હતી.

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ધીરે ધીરે જંગલો નામ શેષ થતા જાય છે. એટલે તેમાં નિર્વાહ કરતા પ્રાણીઓ ખોરાકની શોધમાં માનવ વસાહત રેન્જ ફોરેસ્ટ ડીસાને જાણ કરતા ફોરેસ્ટ ઓફીસર એ.એન. ધાસુરા સહીતની ટીમ તેમજ ડીસા રૂરલ પોલીસ વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. કોટક સહતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લોકોને સલામતીના ભાગ રૂપે આ વિસ્તારમાં નહિ જવા




સર્ચ ઓપરેશન હાથ ધરી ઝડપી લીધો હતો ત્યારે આ વખતે પણ માલગઢના ગોગાઢાણી વિસ્તારમાં દિપડો જોવા મળ્યો હોવાની છેલ્લા એક અઠવાડીયાથી વાત ચર્ચાતી હતી ત્યારે ગુરુવારે ગોગાઢાણી વિસ્તારના એક ખેતરમાં છુપાયેલા દીપડાને તરફ નીકળી જઈ પ્રાણીઓ તેમજ મનુષ્યોને પોતાના નિશાન બનાવે છે. આવા હિંસક જાનવરો બનાસનદીના તટમાં થઈને છેક ડીસા પંથક સુધી આવી પહોંચે છે. જેમાં માલગઢ ગામે છેલ્લા એક અઠવાડીયાથી દિપડો લોકોને નજરે ચઢતા ભયનો માહોલ પ્રસર્યો છે. ગુરૂવારે દિપડો ગોગાઢાણી વિસ્તારમાં ભેમાજી વેનાજી માળીના ખેતરમાં હોવાનું જણાતા લોકોએ માટે સુચના અપાઈ હતી.

દીપડો રજકા ભાજરીના ખેતરમાં છુપાયેલ છે અને આજુબાજુ ખેતરોમાં વાવેતર કરેલ નથી. એટલે દીપડાને સતાવવો જોખમ કારક હોવાથી જંગલ વિભાગ દ્વારા પાંજરૂ મંગાવવામાં આવ્યું છે અને રાત્રિના સુમારે તેને પાંજરામાં પુરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું.

## શંકરપુરા પ્રાથમિક શાળામાં ધામધૂમથી પ્રવેશોત્સવ ઉજવાયો

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ભિલોડા તાલુકાના શંકરપુરા ગામની પ્રાથમિક શાળામાં અગ્ર સચિવ કે. કૈલાસનાથન ઉપસ્થિત રહ્યા હતાં. શંકરપુરા પ્રાથમિક શાળામાં ધો.૧માં પ્રવેશ મેળવતા નાના ભૂલકાઓને સચિવ કે.કૈલાસનાથને કીટ ગણવેશ આપી પ્રવેશ કરાવ્યો હતો. વાસ્મો તરફથી પીવાના શુધ્ધ પાણી માટે આરઓ પ્લાન્ટ આપવામાં આવ્યો હતો.



## પાલનપુર પાલિકાના ભાજપના મ્યુ. સભ્ય શાહિદ બાવાનું ચિત્રાસણી પાસે કાર અકસ્માતમાં કરૂણ મોત થયું

પાલનપુર, તા. ૫

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાસણી પાસે ગત રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૮ના ભાજપના ચુંટાયેલા સભ્ય શાહિદ હસીન અહેમદ સૈયદનું તેમની જ કાર થાંભલા સાથે ટકરાતા કરૂણ મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ ક્રમશઃ શહેરમાં થતાં પાલિકાના મ્યુ. સભ્યો સ્ટાફ સંબંધીઓ તેમના જુના ઘેર બાવા સાહેબની હવેલી ખાતે પહોંચી પરિવારજનોને સાંત્વના આપી હતી. આ મ્યુ. સભ્ય બહોળો મિત્ર વર્ગ ધરાવતા હતા. અને રાજકારણમાં ગત પાલિકાની ચૂંટણીમાં ભાગ લઈ વિજેતા બનેલ. ગત ટર્મમાં સેનિટેશન હાલમાં એસ.જે. એસ. આર. વાય. ના ચેર. હતા.

તેમના નિવાસસ્થાનેથી સદ્ગતની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં શુભેચ્છકો, પક્ષના અગ્રાણીઓ જોડાયા હતા તેમને મેતા ગામના કબ્રસ્તાનમાં દફનવિધિ કરાયી હતી. આમ નાની વયે ફાની દુનિયાને સાહીદ બાવાએ અલવીદા કરતાં શહેરીજનો અને તેમના મિત્ર વર્તુળમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

## પાંથાવાડામાં વર્ષો બાદ વિકાસ કામો આરંભાતાં ગ્રામજનોને હવે સુવિધાઓ મળશે

બનાસકાંઠાના સરહદી એવા દાંતીવાડા તાલુકાના છેવાડાના પાંથાવાડા ખાતે ઘણાં વર્ષો બાદ ગ્રામ પંચાયતના સત્તા સ્થાને નવી બોડી નવા ઉત્સાહી સરપંચના સઘન પ્રયાસોથી સમગ્ર ગામમાં વિકાસ કાર્યોનો આરંભ કરાતા પ્રજાજનોને હવે જુદી જુદી સુવિધાઓ મળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

પાંથાવાડાના આંતરિક વિસ્તારો, રહેણાંક વિસ્તારોમાં મુખ્યત્વે નવી પાકી ગટર લાઈનો, સ્ટ્રીટલાઈટો અને સી.સી. રોડ એમ તબક્કાવાર વિકાસ કાર્યો સરપંચ રમેશભાઈ રેવાશંકર ઘાડીયા અને તેમની ટીમના સભ્યશ્રીઓએ હાથ ધરેલ છે. તલાટી કમ મંત્રી પ્રવિણભાઈ હરગોવનભાઈ મેવાડાએ વિકાસકાર્યો અંગે વિગતો આપતાં ગાંધીનગર સમાચારના દાંતીવાડા પ્રતિનિધિ ભરતભાઈ કે. જોષીને જણાવેલ કે, ગામના હરજીપુરા, નારણપુરા, મફતપુરા સહીત અનેક વિસ્તારોમાં પંચાયત સહીત વોટ્સ કમિટિ દ્વારા વિકાસ કાર્યો હાથ ધરાયા છે.

## છઠીયારડા ગામમાં જૂથ અથડામણ

મહેસાણા, તા. ૫

મહેસાણા નજીકના છઠીયારડા ગામે ખેતરમાં ભેલાણના પ્રશ્ને બે જૂથો વચ્ચે અથડામણ થતાં બે વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. આ જૂથ અથડામણને પગલે ગામમાં ભારે તંગદીલી ફેલાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ છઠીયારડા ગામની સીમમાં આવેલ એક ખેતરમાં ઢોર નાંખાના મુદ્દે બોલાચાલી થઈ હતી. બાદ એક મહિલાની આબરૂ લેવાનો પણ આક્ષેપ થતાં મામલો તંગ બન્યો હતો. જેથી રબારી અને પટેલ જ્ઞાતિના માણસો વચ્ચે અથડાણ થઈ હતી. જેમાં રબારી જ્ઞાતિના બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તેઓને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આને પગલે હવામાં ફાયરીંગ થયું હતું તેવું ચર્ચાય છે. આ બનાવ સંદર્ભે બંને પક્ષોની ફરિયાદના આધારે પોલીસે સામ સામે ગુનાઓ નોંધી વધુ તપાસ આરંભી છે. જૂથ અથડામણના લીધે ગામમાં તંગદીલી ફેલાઈ હતી. હાલ પરિસ્થિતિ શાંત અને નિયંત્રણ હેઠળ હોવાનું કહેવાય છે.

## કાંકણોલ ગ્રામ પંચાયતના કાયમી આમંત્રિત બે સભ્યોને બોલાવવાનો ઠરાવ રદ

હિંમતનગર, તા. ૫

હિંમતનગર તાલુકાની કાંકણોલ ગ્રામ પંચાયતે કાયમી આમંત્રિત બે સભ્યો બોલાવવાના ઠરાવને જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠાએ રદ કરવાનો આદેશ કરતાં સમગ્ર પંથકમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગ્રામ પંચાયતે ગ્રામ પંચાયતની બેઠક તા. ૨૪ જાન્યુઆરી-૨૦૧૨ના રોજ ઠરાવ નંબર ૬ થી કાયમી આમંત્રિત સભ્યો તરીકે મણીભાઈ કરશનભાઈ પટેલ તથા કીરીટભાઈ કાન્તીભાઈ પટેલને બોલાવવા અંગેનો ઠરાવ કર્યો હતો. અને આ ઠરાવ પંચાયતે હિંમતનગર તાલુકા વિકાસ અધિકારીને પંચાયત ધારાની કલમ ૨૪૯(૧) હેઠળ પ્રતિષેધ કરવા રજૂઆત કરી હતી.

હિંમતનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી દ્વારા પત્ર નં. વીપી/વશી/૧૨૭૨થી ૧૨૭૪/૧૨ તા. ૨૮-૨-૧૨થી ઠરાવ કાયદેસર હોવાનું નીતાબેન પટેલ સભ્યશ્રી તથા જયંતીભાઈ પટેલ દ્વારા જણાવેલ હતુ. પરંતુ આ અંગે સરપંચ, તલાટી તથા તાલુકા વિકાસ અધિકારી વિરૂદ્ધ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૪૯(૩)(૪) હેઠળ જિલ્લા પંચાયતમાં અપીલ કરવામાં આવતા તાલુકા વિકાસ અધિકારીનો હૂકમ રદ કરવા અપીલ કરવામાં આવી હતી.

આ સંદર્ભે અધિનિયમમાં જોગવાઈ ન હોવાના કારણોસર કાયમી નિમંત્રીત સભ્યોનો તા. ૨૪-૧-૨૦૧૨નો ઠરાવ રદ કરવા જિલ્લા વિકાસ અધિકારીએ આદેશ કર્યો છે. જરૂર જણાય તો પંચાયત અધિનિયમ પ્રમાણે ૧૯૯૩ની જોગવાઈ પ્રમાણે પંચાયત નવીન ઠરાવ જરૂર જણાય તો કરી શકશે એમ ડી.ડી.ઓ.ના હૂકમમાં જણાવાયું છે.



પાલનપુર-અમદાવાદ હાઈવે પર છાપી નજીક મેનીવાડા ગામ નજીક શિવશક્તિ હોટલ પાસેથી આજે એક તાજુ જન્મેલ બાળક મળી આવ્યું હતું. કોઈએ ૧૦૮ને પણ કરતા તે વાનમાં બાળકને ટ્રીટમેન્ટ આપી પાલનપુર સિવિલમાં સારવાર હેઠળ રખાયું છે તેની તબીયત સારી હોવાનું તબીબ સૂત્રોએ જણાવ્યું હતું. આ શરમજનક અને ચોંકાવનારી ઘટનાઓનું પ્રમાણ બનાસકાંઠામાં ખુબ વધી ગયેલ છે. છેલ્લા બે માસમાં તાજા જન્મેલ બાળકો ત્યજી દેવાની આ ચોથી ઘટના છે. આ અંગે પોલીસે સઘન તપાસ કરી આ દુષ્કૃત્ય કરનારાની તપાસ કરી કડક સજા કરવી જોઈએ તેવો જન મત ઉદ્ભવ્યો છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી નાયબ કાર્યપાલક ઈજનેરમાં સર્વિસ કરતાં ૩ કર્મચારીઓની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં, (૧) ફેઝૂભાઈ મેમાણ-ડ્રાઈવર (૨) મનુભા કાકુજી ભટેસરીયા (૩) છગનલાલ સોલંકી-વયમર્યાદા નિવૃત્તિ અને બદલી (૧) બી. એન. પટેલ (અધિક મદદનીશ ઈજનેર માર્ગ મકાન, ડીસ) (૨) રાજુભાઈ ત્રિવેદી (૩) રતીલાલ ઠક્કર - સિનિયર ક્લાર્કનો વિદાય સમારંભ યોજાયો હતો.

## હિંમતનગરની મેડીસ્ટાર જોઈન્ટ રીપ્લેશમેન્ટ સેન્ટરની સેવાઓનો પ્રારંભ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં મેડીસ્ટાર જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર અમદાવાદના ઘૂંટણ તેમજ સાંધાના દુખાવા સહિતના દર્દોના નિષ્ણાંત તબીબોની ટીમો દ્વારા ઘૂંટણ બદલવા સહિતની સેવાઓ શરૂ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી જિલ્લાના બાવીસ જેટલા ઘૂંટણના દર્દોથી પિડાતા દર્દીઓએ સારવાર તેમજ ઘૂંટણો બદલાવી દર્દમાંથી રાહત મેળવી છે.

મેડીસ્ટાર હોસ્પિટલમાં જુદા જુદા હઠીલા દર્દોની સારવાર તેમજ ઓવરેશનો કરતા નિષ્ણાંત તબીબોની ટીમો દ્વારા સારવાર અપાતા હજારો દર્દીઓએ દર્દમાંથી રાહત મેળવી આરામદાયક જીવન જીવતા હોવાના અસંખ્ય લોકોના અનુભવો છે. આ ઉપરાંત જનરલ ચેકઅપ તેમજ પિત્તાશય, પથરી, હૃદયરોગની સારવાર સહિતના સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની ટીમો સેવા આપે છે. તે હવે સાબરકાંઠા જિલ્લાના મેડીસ્ટાર રીપ્લેસમેન્ટ સેન્ટર ખાતે સેવાઓ આપશે તેમ નટુભાઈ પટેલે જણાવ્યું હતું.

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૫-૬-૨૦૧૨

### જાહેરનામું

**જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને - ૧૮૯૪નો ૧લો)**

**જિલ્લો : પાટણ**

**ક્રમાંક : અમ/૨૦૧૨/૬૯/મ/જપટ/૧૨૧૨/૫૧૫/ચ**

આ સાથે અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની જાતે (અહીં હવે પછી જેનો ઉલ્લેખ ઉક્ત જમીનો તરીકે કરવામાં આવે છે) સાર્વજનિક હેતુ માટે એટલે કે, પાટણ - ભીલડી નવી બ્રોડગેજ રેલ્વે લાઈન બનાવવાના કામે ગામ વેલોડાની જમીનની જરૂરી છે એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) આથી જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનોની ઉપર દર્શાવવામાં આવેલ સાર્વજનિક હેતુઓ માટે જરૂરી છે.

(૨) ઉક્ત જમીનોમાં હિત ધરાવતી સઘળી વ્યક્તિઓને ઉક્ત જમીન સંપાદનના હેતુ માટે રોકવામાં આવેલ કોઈપણ મોજણીદાર અથવા બીજી વ્યક્તિઓની કામગીરીમાં અડચણ અથવા હરકત ન કરવાનું તેમના કામમાં દખલગીરી ન કરવાની આથી ચેતવણી આપવામાં આવે છે. આ જાહેરનામાની તારીખ બાદ, કલેક્ટરની મંજુરી વગર ઉક્ત જમીનોના વેચાણ, ભાડા, ગીરો, નામ-ફેર બદલા કે બીજા રીતનો નિકાલ કરવાનો કોઈપણ કરાર કે તેમાં કરાયેલ કોઈપણ રોકાણ સુધારા આખરે સંપાદિત કરનારી ઉક્ત જમીનોના આવા ભાગની વળતરની આકારણી કરનાર અધિકારી ઉક્ત અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહિ.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય છે કે, સદરહુ જમીનો ઉપર જણાવે હેતુ માટે ઉક્ત જમીનોની જરૂરત હોવાથી ઉક્ત અધિનિયમની કલમ-૬ હેઠળ તેને લગતુ જાહેરનામું ગુજરાત સરકારના ગેઝેટમાં યથા સમયે પ્રસિદ્ધ થશે. જો જમીન સંપાદિત કરવાનું સમગ્ર કામ કે તેનો અમુક ભાગ પડતો મૂકવામાં આવશે તો એ બાબતે યોગ્ય કાયદાનુસાર જાહેર કરાશે.

(૪) સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ ગુજરાત સરકાર આથી મદદનીશ કલેક્ટર, પાટણને નિયુક્ત કરેલ છે. અને તે અધિકારો ઉક્ત જમીનો અંગેની ઉક્ત અધિનિયમની કલમ-૫ (ક) હેઠળની કલેક્ટરની કામગીરી સંભાળવા માટે પાટણ તાલુકાનો હવાલો સંભાળવા મદદનીશ કલેક્ટર, પાટણને નીમે છે.

### અનુસૂચિ

**હેતુ : પાટણ-ભીલડી બ્રોડગેજ રેલ્વે લાઈનના કામે**

જિલ્લો : પાટણ | તાલુકો : પાટણ | ગામ : કાંસા

| અ.નં. | સર્વે નંબર | જોઈતી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૧૦૧૨/૨ | ૦-૦૭-૦૫ |
| ૨ | ૧૦૧૨ | ૦-૦૩-૯૬ |
| ૩ | ૧૧૭૪ | ૦-૦૧-૨૦ |
| ૪ | ૧૧૬૨/૧ | ૦-૦૫-૬૦ |
| ૫ | ૧૧૬૨/૨ | ૦-૧૦-૮૪ |
| ૬ | ૧૧૬૧/૩ | ૦-૦૪-૧૬ |
| ૭ | ૧૧૬૧/૧ | ૦-૦૪-૦૩ |
| ૮ | ૧૧૪૩ | ૦-૦૬-૫૨ |
| ૯ | ૧૧૪૧ | ૦-૦૮-૭૫ |
| ૧૦ | ૧૧૪૦/૧ | ૦-૦૫-૮૧ |
| ૧૧ | ૧૧૪૦/૨ | ૦-૦૫-૬૯ |
| ૧૨ | ૧૧૪૭ | ૦-૦૦-૨૬ |
| ૧૩ | ૧૧૩૭/૨ પૈકી ૩ | ૦-૦૭-૯૯ |
| ૧૪ | ૧૧૩૭/૨ પૈકી ૧ | ૦-૦૬-૬૯ |
| ૧૫ | ૧૧૩૭/૨ પૈકી ૨ | ૦-૦૬-૦૭ |
| ૧૬ | ૧૧૨૮/૩ | ૦-૦૭-૬૩ |
| ૧૭ | ૧૧૨૮/૨ | ૦-૦૭-૬૮ |
| ૧૮ | ૧૧૨૮/૧ પૈકી/૧ | |
| | ૧૧૨૮/૧ પૈકી/૨ | ૦-૦૩-૯૫ |
| ૧૯ | ૧૧૨૭ | ૦-૦૬-૧૩ |
| ૨૦ | ૧૧૨૬/૨ | ૦-૦૬-૧૩ |
| ૨૧ | ૧૧૨૬/૧ | ૦-૦૬-૧૦ |
| ૨૨ | ૧૧૧૮ પૈકી ૨ | ૦-૦૭-૦૬ |
| ૨૩ | ૧૧૧૫ | ૦-૦૩-૭૧ |
| ૨૪ | ૧૨૧૮/૨ | ૦-૦૭-૧૨ |
| ૨૫ | ૧૨૧૮/૧ | ૦-૦૬-૩૫ |
| ૨૬ | ૧૨૨૧/૨ | ૦-૦૬-૩૪ |
| ૨૭ | ૧૨૨૧/૧ | ૦-૦૪-૭૩ |
| ૨૮ | ૨૨ | ૦-૦૧-૬૪ |
| ૨૯ | ૨૧ | ૦-૧૦-૧૧ |
| ૩૦ | ૨૦ પૈકી ૧ | ૦-૦૫-૩૦ |
| ૩૧ | ૧૯ પૈકી ૧ | ૦-૦૦-૪૨ |
| ૩૨ | ૪ પૈકી ૧ | |
| | ૪ પૈકી ૨ | ૦-૦૮-૨૪ |
| ૩૩ | ૫/ ૧થી ૫ | ૦-૧૦-૮૮ |
| ૩૪ | ૯/૨/૧૬ | ૦-૦૧-૩૭ |
| ૩૫ | ૯/૨/૧૭ | ૦-૦૦-૭૧ |
| ૩૬ | ૯/૨/૧૪ | ૦-૦૧-૬૧ |
| ૩૭ | ૯/૨/૫ | ૦-૦૨-૬૯ |
| ૩૮ | ૯/૨/૬ | ૦-૦૦-૦૭ |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/- **(ડો. ધવલ પટેલ)** મદદનીશ કલેક્ટર, પાટણ

સહી/- **(એચ. જે. રાઠોડ)** સરકારના ઉપસચિવ

નામાનિ/પાટણ/૨૧૨/૨૦૧૨-૧૩

